# ‘સન્નારી’ કવર ગર્લ બનવું છે?

સન્નારીઓ, આપની લોકપ્રિય પૂર્તિ ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થતી તસવીર જોઈ તમને પણ ઈચ્છા થતી હશે કે કાશ, હું પણ ‘સન્નારી’ કવર ગર્લ બનું! તો રાહ કોની જુઓ છો? તમારી, તમારા ફેમિલી, સંતાનો સાથેની અવનવી અદામાં, કલરફુલ આઉટફિટ્સમાં, કોઈક એક્ટિવિટી કરતી તસવીર અમને નીચે આપેલા Email એડ્રેસ પર મોકલી આપો. અમને પણ તમારી તસવીર પ્રકટ કરવાનું ગમશે. તમારી બે-ત્રણ તસવીર ઊભી ફ્રેમમાં, હાઇ રિઝોલ્યુશનમાં હોવી જરૂરી છે.

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, સન્નારીને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો તમે તમારા વિચારો મોકલી જ શકો છો. તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહીં. **વાચકો, તમે પ્રતિભાવ, રેસીપી સૂચનો કે સન્નારીને અનુરૂપ કોઈ પણ લખાણ હવે English માં પણ મોકલી શકો છો. વાચકો તમારા માટે એક વધારાની સુવિધા. તમે તમારા ફોટોગ્રાફ્સ અને કોઈ પણ લખાણ અહીં આપેલા મોબાઈલ નંબરના વોટ્સએપ પર પણ મોકલી શકો છો. M: + 91 81539 99903.**

વાચકો, અમને વોટ્સએપ પર તમારો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. તમે તમારી તસવીર તથા સન્નારીને યોગ્ય લખાણ વધુમાં વધુ મોકલશો એવી અપેક્ષા.

Email: sannari@gujaratmitra.in




# પ્રિય સન્નારી

કેમ છો?
હેપ્પી ‘મેન્સ ડે’.

આખું વર્ષ આપણે સ્ત્રીઓની સમસ્યાઓ અને સિદ્ધિઓની વાત કરીએ છીએ. આજે ‘મેન્સ ડે’ નિમિત્તે એમના મનોભાવોને સ્પર્શીએ, વાચા આપીએ કારણ કે સ્ત્રી અને પુરુષ બંને એક રથનાં બે પૈંડાં છે. એક વિના બીજાનું આસ્તિત્વ નથી. આ પૃથ્વી બંનેનાં સહઅસ્તિત્વથી જ ચાલે છે. સ્ત્રી એટલે કુમાશ અને પુરુષ એટલે સખ્તાઇ. સ્ત્રી એટલે કરુણા અને પુરુષ એટલે ખટપટ. સ્ત્રી ત્યાગની મૂર્તિ અને પુરુષ પામવાનું પ્રતીક. સ્ત્રીને ઘર વ્હાલું છે અને પુરુષને બહારની દુનિયા. પુરુષ માટે સેક્સ મહત્ત્વનો જ્યારે સ્ત્રી માટે પ્રેમ. બસ, આવી અનેક માન્યતાઓ દ્વારા આપણે પુરુષને મૂલવીએ છીએ. મોટેભાગે સ્ત્રીઓ પોતાના ગુણ-અવગુણને ધ્યાનમાં રાખી પુરુષને માપે છે પણ કુદરતે બંનેને અલગ બનાવ્યાં છે. જેથી એકબીજાનાં પૂરક બની શકે. સ્ત્રી માતૃત્વ ધારણ કરતી હોવાથી એને સુરક્ષિત રાખવામાં આવતી અને બહારની દુનિયાથી દૂર ઘર, બાળકો, પરિવાર જ એનું કાર્યક્ષેત્ર રહેતું. સમય સાથે સ્ત્રી બદલાઈ. એ પુરુષ જેવી બનવા લાગી પરંતુ વિચારો, અગર પુરુષ સ્ત્રી જેવો બનવા માંડે તો સ્ત્રીઓને ગમશે? પુરુષનો દબદબો- એનું પ્રભુત્વ, એની બ્રેડ વીનરની ઇમેજ અને દુનિયાને જીતવાનું ઝનૂન જ એને પુરુષ બનાવે છે. એનું પૌરુષત્વ ત્યારે જ ખીલે છે જયારે એ કશુંક ખુદ પ્રાપ્ત કરે છે પણ એની પ્રાપ્તિ પર માત્ર એનો અધિકાર નથી હોતો. માતા-પિતા, પત્ની-પરિવાર અને બાળકોને ખુશ રાખવામાં એ પુરુષ તરીકે વધુ બળૂકો બને છે. એના ખભા પર માથું મૂકીને દુનિયા ભૂલી જતી સ્ત્રી દુનિયાની સૌથી સુખી અને સલામત સ્ત્રી છે. પુરુષ જે સ્ત્રીને ચાહે છે એના માટે કશું પણ કરવા તૈયાર રહે છે એ એનો પ્રેમ છે. રક્ષકનો સ્વભાવ છે. ઝનૂન છે પરંતુ આ બધાને જયારે પુરુષના અહમનું ગ્રહણ નડે ત્યારે પુરુષને હિંસક પશુ બનતાં કોઇ અટકાવી શકતું નથી. પુરુષ સ્ત્રીનું શરીર ઝંખે છે પણ પ્રેમ માટેની એની તીવ્રતા સ્ત્રીઓ કરતાં જરાય ઓછી નથી હોતી. પ્રેમમાં પડેલો પુરુષ બાળક જેવો નિર્દોષ હોય છે પણ પ્રેમમાં ઘાયલ પુરુષની મનોવેદના સમજવી મુશ્કેલ છે. પુરુષ બેવફાઈ સહન નથી કરી શકતો કારણ કે એનામાં રહેલો ઇગો અને પ્રાપ્તિને જ વિજય કે સુખ માનવાની ભ્રમણા હારને પચાવી નથી શકતી. તેથી જીવનમાં હારેલો પુરુષ વધારે ઉપદ્રવ કરે છે કારણ કે હાર્યો જુગારી બમણું રમે એ પ્રકૃતિ પુરુષની છે. આમેય ઘર-બહારના નિર્ણયોમાં પુરુષોનું આધિપત્ય રહ્યું છે એટલે પ્રેમ કે પરાક્રમ કોઇ પણ દિશામાં પીછેહઠ એને સ્વીકાર્ય નથી. નેતૃત્વની દુનિયામાં તથા સંપત્તિના માલિક તરીકે વર્ષો સુધી પુરુષનું સામ્રાજ્ય રહ્યું એટલે એની ઓળખ વધારે મજબૂત બની. પરિવારના સંરક્ષક તરીકે એને ઉદ્દેશ્ય અને સન્માન બંને મળે છે. અસલામત, જોખમી, સમસ્યાગ્રસ્ત દુનિયામાં ટકવા માટે પુરુષ જે માનવસહજ કોમળ ગુણોને દબાવી દે છે. તેથી ઘર અને બહારનો પુરુષ આપણને વિભાજીત થયેલો જોવા મળે છે. આ વિભાજન એના મનમાં દ્વંદ્વ અને સ્ટ્રેસ બંને જન્માવે છે. જેને આપણે સમજી શકતા નથી. પુરુષના અસ્તિત્વની સાથે સફળતા-સન્માન-જીત અધિકાર અને અહમ્ જેવી બાબતો આત્મસાત થયેલી છે તેથી એની પ્રવૃત્તિઓ-વૃત્તિ એ દિશામાં જ થવાની પણ ઘણી વખત એ પુરુષની અને માણસની વૃત્તિ વચ્ચે પણ દ્વિધા અનુભવે છે. એના અસ્તિત્વ સાથે જોડાયેલાં પરિબળો અને એની ઇચ્છા વચ્ચે ચાલતાં સંઘર્ષને કારણે એનું વર્તન ઘણી વાર અકલ્પનીય લાગે છે. એ ન ઓળખાય એવો અજાણ્યો લાગે છે.




બીજું, પુરુષો પર હંમેશાં પોતાની ભાવનાઓને દબાવવાનું અને દર્દ કે કમજોરી વ્યક્ત ન કરવાનું પ્રેશર રહે છે. હાર, થાક, નબળાઈ અને આંસુની અભિવ્યક્તિ ન કરનાર પુરુષ ચિંતા, ક્રોધ, ચીડિયાપણું જેવી માનસિક બીમારીનો ભોગ બને છે. આ ઉપરાંત બ્રેડવીનર બનવાનું પ્રેશર એનાં સપનાં, શોખ અને જરૂરિયાતને હાંસિયામાં ધકેલી દે છે. સપનાં મારીને જીવતો પુરુષ કંઇક અંશે બરછટ જ રહેવાનો. બીજું, સત્તા અને આધિપત્યની લડાઈ પણ એણે માથે લીધી છે. મતલબ કે પુરુષમાં આપણને જે ન ગમતી બાબતો જોવા મળે છે તેનાં મૂળ એના ડી.એન.એ.માં જ છે. બાકી પ્રેમાળ પિતા-પુત્ર કે પતિની તસવીર દરેક ઘરોમાં જોવા મળશે. પુરુષમાં આપણને જે ખૂટતું લાગે એવું કંઇક સ્ત્રીઓમાં પણ ખૂટતું રહેવાનું. આ બે ખૂટતાં તત્ત્વોને પૂર્ણ કરવાનું કામ કરે છે સ્ત્રી-પુરુષનો સહસંબંધ જે દુનિયાને જીવવા જેવી બનાવે છે.

તો સન્નારીઓ, આ પુરુષદિને પુરુષ મુક્ત મને જીવે એવી શુભેચ્છાઓ.

- સંપાદક

## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર નિલોફર વિરાણી અને ફૈયાઝ વિરાણીની છે. નિલોફર હોમ મેકર છે અને ફૈયાઝ બિઝનેસમેન છે.